જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૨/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૧૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
| --- | --- | --- | --- |
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૨,૧૫,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
| --- | --- | --- | --- |
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૪૧૩ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૫૬ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૩/૨૦૨૨**

**અમરાઇવાડીઃ** રાજેશ રતનલાલ નાહટા (ઉ.વ.૫૩) (રહે. સમર્પણ એવન્યુ રામબાગ સોસાયટી મણીનગર) એ તા.૧૦/૧૨/૨૦૨૨ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૫/૨૦૨૨ થી આજ દિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પવનકુમાર ભવરલાલ છીમ્પા (રહે. છિમ્પો વાસ ગંગા શહેર બીકાનેર રાજસ્થાન (૨) મહેન્દ્રમ બાઠીયા આંધ્રપ્રદેશ નંદીની હોલસેલ કપડા માર્કેટ પ્રુડાટુર ખાતે આવેલ શિવ શક્તિ સારીસ નામની કંપનીવાળા (૩) ૪૫૯/એ વેસ્ટ ઓફ ચોર્ડ રોડ ફર્સ્ટ સ્ટેજ ફેઝ-૨ મંજુનાથનગર બેંગલુરૂ ૫૬૦૦૧૦ ખાતે આવેલ કિંજલ ફેબ નામની કંપની વાળા) એ ભેગા મળી અમરાઇવાડી ખોખરા અનુપમ સિનેમા પાછળ તેજેન્દ્ર-૩ કોમ્પલેક્ષ નાહટા ફેશ ફેબ્રીક એલએલપી કપડા બનાવવાની કંપની ખાતેથી કાપડનો માલ કિમત રૂપિયા ૨૩,૫૯,૧૪૦/- મેળવી લઈ નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**ઘરફોડઃ** **સમાચાર યાદી નં.૨૨૧૪/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** મનોજ પ્રહલાદરાય ચંદવાણી (રહે. સુમતીનાથ કોમ્પ્લેક્ષ પ્રિતમનગર અખાડા એલીસબ્રીજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૨/૨૦૨૨ રાતના ૯/30 થી તા.૧૦/૧૨/૨૦૨૨ કલાક ૯/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જજીસ બંગ્લોથી માનસી સર્કલ તરફ બાલાજી એવન્યુમા ભુમી ફેશન નામની રેડીમેઈડ ગારમેટની દુકાન નં-૧૦ ના દરવાજાનુ તાળું ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી અલગ-અલગ કંપનીના જીન્સ પેન્ટ તથા શર્ટ, ટી-શર્ટ તેમજ નાઈટી અને હુડી કપડા અને રોકડ રૂપિયા ૭૫૦/- મળી કુલ રૂપિયા ૧,૦૯,૮૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

**<u>સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયોઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૧૫/૨૦૨૨</u>**

**ઓઢવ**ઃ રીટાબહેન વા/ઓ જગદિશભાઇ પટેલ (ઉ.વ.૫૩) (રહે. ધ ગોલ્ડ સીટી સોસાયટી લેજન્ડ હોટલ પાસે ધનિયાવી બાયપાસ રોડ તરસાલી વડોદરા) તા.૧૦/૧૨/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ અર્બુદાનગર મંગલમ સોસાયટી કોમન પ્લોટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રીટાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૪૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રીટાબહેન પટેલે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**<u>ચોથા માળથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૧૬/૨૦૨૨</u>**

**ચાંદખેડા**ઃ ચાંદખેડા માનસરોવર રોડ આનંદ સ્કાય લાઈન નામની નવી બનતી સાઈટ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા ભાવેશ જવાભાઈ માવે (ઉ.વ.૨૧) તા.૦૯/૧૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગે સાઈટના ચોથા માળે કામ કરતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને શ્રીજી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

**<u>પતંગ ચગાવતા ધાબા પરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૧૭/૨૦૨૨</u>**

**સાબરમતી**ઃ સાબરમતી ડી કેબીન સામયર્થ સ્ટેટ્સ ખાતે રહેતા પ્રદિપભાઇ ખેમચંદભાઇ ધણાની નાઓનો આઠ વર્ષનો પુત્ર મિતાંશુ તા.૧૦/૧૨/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે બ્લોકના ધાબા ઉપર પાણીની ટાંકી પરથી પતંગ ચગાવતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એસ.એમ.એસ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી